# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રારંભ

**સવારે ૯ થી ૧૨ ]** **(રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮)** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા ૧અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર)**

**પ્ર.૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૫**

૧. ઘનશ્યામે બાજોઠ પર મૂકેલી ત્રણ વસ્તુમાંથી કઈ વસ્તુ ઉપાડી ?
૨. કયા અંધ બ્રાહ્મણને ઘનશ્યામે દેખતો કર્યો ?
૩. નેપાળના કયા મલ્લને ઘનશ્યામે હરાવ્યો ?
૪. ઘનશ્યામના કયા પગમાં સાત ચિહ્નો હતાં ?
૫. જ્યારે ભક્તિમાતાને ભૂખ લાગી, ત્યારે ઘનશ્યામે ભોજન લાવવા કોને આજ્ઞા કરી ?

**પ્ર.૨. નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે તે લખો. (કોઈ પણ પાંચ) ૧૦**

૧. ''તમારો આ બાળક તો ભગવાન છે અને હું તેમનો સેવક છું. ''
૨. ''સવાયા પૈસા નહિ મળે, એમ ને એમ આવવું હોય તો ચાલ.''
૩. ''આજે તો ચોરને પકડીને બાંધ્યો છે.''
૪. ''મને કાંઈ વાગ્યું જ નથી.''
૫. ''ગભરાશો નહિ, હવે અંદર વાસણ લેવા નહિ જવું પડે.''
૬. ''હે ભગવાન ! અમારા ઘનશ્યામને શોધી આપો, હવે હૈયું હાથ રહેતું નથી.''
૭. ''તુમ ક્યા લેગા ? ઈસકા તો તીનસો રૂપિયા પડેગા.''

**પ્ર.૩. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૧૦**

૧. ................................ ગામમાં ઠાકોરજીની મૂર્તિએ આવીને ઘનશ્યામને હાર પહેરાવ્યો. (ગુંડા, તરગામ, તીનવા)
૨. ઘનશ્યામના ડાબા પગનાં ચિહ્નોમાંનું ............................. એક છે. (જવ, મીન, કેતુ)
૩. ઘનશ્યામે ................... સરોવરની માછલીઓને સજીવન કરી હતી. (મીન, ખાંપા, સરજુ)
૪. રોટલી લઈ ગયેલા વાંદરાને ઘનશ્યામે .............. દિવસ સમાધિમાં રાખ્યો. (ત્રણ, અઢી, બે)
૫. કાશીમાં ઘનશ્યામે ....................... મત સ્થાપ્યો. (દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત)

03



૬. મારી દાઢ દુઃખે છે મને ......................... કરી આપો. (લાપસી, શીરો, ખીર)
૭. એક એકાદશી કરવાથી ..................... યજ્ઞનું પુણ્ય મળે. ( હજાર રાજસુય, હજાર અશ્વમેધ, સો અશ્વમેધ)
૮. ઘનશ્યામને જનોઈ સંવત ૧૮૪૫ ........................ ના દિવસે આપી. ( વૈશાખ સુદ ૧૦, પોષ સુદ ૧૦, ફાગણ સુદ ૧૦)
૯. ઘનશ્યામ ...................... ઘાટ પર કુસ્તીદાવ રમતા. (શ્યામ, તુલસી, રામ)
૧૦. ધર્મપિતાની વાડીમાં ચોર .................... ચોરવા આવ્યા હતા. (ફણસ, કેરી, મોસંબી)

**પ્ર.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી તેનો ભાવાર્થ - બોધ લખો. (બારેક લીટીમાં) ૫**

**૧.** કાલિદત્ત મરણને શરણ. **૨.** રામદત્તને કેરી ચખાડી. **૩.** ઘનશ્યામનો ગૃહત્યાગ.

**પ્ર.૫. નીચેના 'અ' વિભાગની સામે 'બ' વિભાગમાંથી યોગ્ય શબ્દ શોધી જોડકાં બનાવો. ૫**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. દેવોના વૈદ્ય | ............. | ૧. વસંતાબાઈ |
| ૨. અયોધ્યાના રાજા | ............. | ૨. પીપળો |
| ૩. ઘનશ્યામનાં મામી | ............. | ૩. અશ્વિનીકુમાર |
| ૪. પુત્ર માણેકધર | ............. | ૪. રાયદર્શન |
| ૫. મુમુક્ષુની દિશા | ............. | ૫. લક્ષ્મીબાઈ |

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ)**

**પ્ર.૬. નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે તે જણાવો. (કોઈ પણ પાંચ) ૧૦**

૧. ''આજે આ સેવાનો લાભ મળી ગયો.''
૨. ''ઝીણા, સાધુ થઈશ ?''
૩. ''જે વસ્તુ એકવાર ત્યાગી, તેને ફરી હૈયામાં શા માટે પેસવા દેવી ?''
૪. ''શાસ્ત્રીજી મહારાજ તો આ સત્સંગમાં સદાય પ્રગટ છે.''
૫. ''ગુરુ ઠપકો આપે, તે આપણા સારા માટે જ હોય.''
૬. ''હા, એ મહાન થાય, એવાં જ તેમનાં લક્ષણ છે.''
૭. ''વૈરાગ્ય બહુ પાળે છે. તો પછી સાધુ થઈ જા ને !''

**પ્ર.૭. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. ૫**

૧. અક્ષર મંદિરની પ્રતિષ્ઠા કોણે કરી ?

૨. નિશાળમાં ભણતા વિદ્યાર્થીએ કેટલા કલાક વાંચવું ?

૩. યોગીજી મહારાજે કયાં બે પુસ્તકોનો નિત્ય અભ્યાસ કરવાનું કહ્યું છે ?

૪. યોગીજી મહારાજે કેટલા સાધુ, કોના દ્વારા બનાવવાનો સંકલ્પ કર્યો હતો ?

૫. શાળામાં બપોરની છૂટ્ટી દરમ્યાન ઝીણા ભગત શું કરતા ?

**પ્ર.૮. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૧૦**

૧. ઝીણાભાઈના મોટા ભાઈનું નામ .............હતું. (કરમશીભાઈ , કમળશીભાઈ, કળશીભાઈ)

૨. ઝીણા ભગતને આચાર્ય ...................... મહારાજે દીક્ષા આપી.
(વિહારીલાલજી, શ્રીપતિપ્રસાદજી, લક્ષ્મીપ્રસાદજી)

૩. યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનું પ્રથમ મિલન ................... માં થયું.
(ઈ.સ. ૧૯૬૫, સં. ૧૯૫૬, સં. ૧૯૬૫)

૪. યોગીજી મહારાજના પિતાનું નામ ................હતું. (મોહનભાઈ, દેવચંદભાઈ, મોતીભાઈ)

૫. યોગીજી મહારાજે ગઢડામાં ..................... યુવાનોને ભાગવતી દીક્ષા આપી.
(પચ્ચીસ, અગિયાર, એકાવન)

૬. યોગીજી મહારાજે .............. વખત અખિલ ભારતીય યાત્રા ટ્રેન કાઢી. (એક, બે, ત્રણ)

૭. યોગીજી મહારાજ પાસે ...................... સ્વામીની પૂજેલી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી. (કૃષ્ણચરણ, ગોપાળાનંદ, ગુણાતીતાનંદ)

૮. જ્ઞાન શીખે, ને .................... કરે, તે વધતા જાય. (સેવા, પ્રવચન)

૯. યોગીજી મહારાજે ...................... સામયિક શરૂ કર્યું.
(સ્વામિનારાયણ પ્રકાશ, સત્સંગ પત્રિકા, નીલકંઠ)

૧૦. યોગીજી મહારાજનું સ્મૃતિ મંદિર ...........................માં છે. (ધારી, જૂનાગઢ, ગોંડલ)

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ વિષે ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૫**

**૧.** આદર્શ વિદ્યાર્થી. **૨.** માન-અપમાનમાં એકતા. **૩.** યોગીજી મહારાજની પરાભક્તિ.

## (વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ)

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૧૦**

૧. નિત્ય પૂજા કરવાથી આપણને શું ફાયદો થાય ?

૨. સામત પટેલ શ્રીજીમહારાજની મરજીથી કેટલા રૂપિયા લઈ આવ્યા ?

૩. શ્રીજીમહારાજ ગંગામાની બનાવેલી કઈ વસ્તુ વખાણતા ?

૪. જોધાની ભક્તિ કોના જેવી હતી ?

૫. મુક્તાનંદ સ્વામીએ આરતી કયા ગામમાં બનાવી ?





૬. નાથ ભક્તે દીકરો ધામમાં ગયો, ત્યારે શું વહેંચ્યું ?

૭. શૂરવીર બાલભક્તને પિતાએ કેવી રીતે મારી નાખ્યો ?

૮. શ્રીજીમહારાજના કયા સંત વાઘથી પણ ન ડર્યા ?

૯. 'જમો થાળ જીવન જાઉં વારી ' - થાળ કોણે બનાવ્યો છે ?

૧૦. શ્રીજીમહારાજે જૂનાગઢ મંદિરના મહંત કોને નીમ્યા ?

**પ્ર.૧૧. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૫**

૧. ભગુજીએ .....................ને મારી નાખ્યો. (મતાર, ખબડ)

૨. વજીબાએ શ્રીજીમહારાજના પરમહંસ .................. સ્વામીને પોતાને ત્યાં ઉતારો આપ્યો.
(મુક્તાનંદ સ્વામી, જયરામદાસ, રામદાસ)

૩. .............................. રાજા રોજ કલાકો સુધી પૂજા કરતા. (જનક, અંબરીષ, યુધિષ્ઠિર)

૪. ગંગામા શ્રીજીમહારાજને ........................ કહીને બોલાવતાં. (દયાળુ, મહારાજ, દીકરો)

૫. મૂળજી ભક્તને શ્રીજીમહારાજે .............. સુદ ૧૫ ના દિવસે દીક્ષા આપી.
(પોષ, અષાઢ, ફાગણ)

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૫**

૧. પ્રાર્થના. ૨. ભાલની બીબડી. ૩. પૂંજો ડોડિયો.

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈ પણ <u>પાંચ</u> કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. ૧૦**

૧. નિત્ય નિત્ય ............................. કુટુમ્બ સહિત તરશે.

૨. મુખવાસ મનગમતા .................. વાલાને ભેટો.

૩. વાણી અમૃત ............................ નિત્યે નમું ભાવશું.

૪. શોભો સાધુ ગુણે......................... સ્નેહે જ વંદુ અહો ।

૫. આગચ્છ ................................. સન્મુખો ભવ ।

૬. સદ્બુદ્ધિ સદ્ગુણ .................... દ્યો આનંદકારી.

૭. ભાવ ધરીને બોલો ..................... બ્રહ્મ અને પરબ્રહ્મ

**પ્ર.૧૪. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં) ૫**

૧. કોઈ ભગવાન સંભારે, ...................................................................

૨. કેટલાક મનને રમાડે છે, ...............................................................

✿ ✿ ✿